ગાંધીનગર સમાચાર



# શહેરમાં ઘ-માર્ગ પર વન આરક્ષિત જગ્યામાંથી દબાણો દુર કરવા ઝુંબેશ

## વૃક્ષો તેમજ ફેન્સીંગને નુકશાનથી બચાવવા માટે દબાણો દુર કરાશે : મુખ્ય માર્ગ પરથી ગલ્લાના ૭ દબાણો દુર કરાયા

ગાંધીનગર તા ૧

વન વિભાગ દ્વારા શહેરમાં હરિયાળા વૃક્ષો કાપતા તત્વો સામે કાર્યવાહી હાથ ધરવા માટે બીટ ગાર્ડની ટીમ બનાવી ખાસ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. આ દરમિયાન વન આરક્ષિત જગ્યામાં ઉભા થયેલા દબાણો દુર કરવાની પણ કામગીરી હાથ ધરવામાં આવી છે. આજે શહેરના મુખ્ય ઘ માર્ગ પરથી તંત્ર દ્વારા ૭ જેટલા લારી ગલ્લાના દબાણો દુર કરવામાં આવ્યા હતા. વન વિભાગની ફેન્સીંગ તેમજ વૃક્ષોને નુકશાન કરતા દબાણકર્તાઓને દુર કરવા માટે આ ઝુંબેશ ચાલુ રહેશે.

શહેરમાં વૃક્ષોની કટોતી થતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. જયારે આ ફરિયાદોને ધ્યાને લઈ તંત્ર દ્વારા ખાસ બીટ ગાર્ડની ખાસ ૬ જેટલી ટીમ બનાવી પેટ્રોલીંગ હાથ

● અનુસંધાન પાન-૭ પર



**પાટનગરનું શીરદર્દ** - શહેરમાં દબાણ હટાવો અભિયાન દર મહિને ચાલે છે... અને દર મહિને દબાણ ધારકો યથાવત ગોઠવાતા જાય છે... તંત્ર થાકી જાય એટલી હદ સુધી દબાણકારો પુનઃ પુનઃ ગોઠવાતા જાય છે... એ ગાંધીનગર શહેર માટે દબાણો અને ગંદકી શીરદર્દ છે... હરિયાળા નગરમાં સુવિધાપૂર્ણ માહોલ હોવા છતાં દબાણ અને ગંદકી સોનાની થાળીમાં લોઢાની મેખની જેમ ખુંચ્યા કરે છે... તંત્ર દબાણ હટાવે, અખબારો તસવીરો છાપે, વાંચકો વાચે અને બીજા દિવસે દબાણકારો યથાવત ગોઠવાતા જાય... આ ક્રમ આજ કે કાલનો નથી દાયકાથી આમ જ થાય છે અને કદાચ.... **(તસવીર : દિપક જાની)**

# સે-૨૧ છ-કેટેગરીના આવાસમાં પોપડા પડ્યા : રહીશોના જીવ પડીકે બંધાયા

## બ્લોક નં-૨માં બીજા માળે લોબીમાં પોપડા ખરતા રહીશોમાં આક્રોશ સદનસીબે કોઇને ઇજા ન થઇ

ગાંધીનગર તા ૧

સે-૨૧માં છ ટાઈપના સરકારી આવાસમાં પોપડા ખરતા રહીશો સામે મોટુ જાખમ ઉભુ થયુ છે.



આજે સરકારી આવાસના બ્લોકમાં બીજા માળેથી પોપડા પડતા રહીશો પણ ભયના ઓથા હેઠળ આવી ગયા છે. સરકારી આવાસોના મજબૂતીકરણ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. આમછતા હજુ પણ મોટાભાગના આવાસો જોખમી હાલતમાં છે.

શહેરમાં અંદાજિત ૧૬ હજાર જેટલા સરકારી આવાસો છે. જયારે આ પૈકી જુદી જુદી કેટેગરીના મકાનોનુ તબક્કાવાર રિનોવેશન હાથ ધરવામાં આવે છે. જો કે આવાસોના રિનોવેશનની કામગીરીમાં પણ પુર્ણતા ન જળવાતી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે મકાનોના રીનોવેશનની કામગીરીમાં પણ ગુણવત્તા ન જળવાતી હોવાનો રોષ પ્રબળ બન્યો છે. સરકારી મકાનોમાં વારંવાર ગાબડા પડતા હોવાનુ ધ્યાને આવે છે. જયારે મકાનોમાં મોટામસ ગાબડા પડતા રહીશોને ઈજાઓ પણ થઈ હોવાના કીસ્સા પ્રકાશમાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# સમિતિઓની રચનાની વૈતરણી પાર કરતી કોંગ્રેસ

## અસંતુષ્ટ જૂથના અગ્રણીઓને તમામ સમિતિઓમાં સ્થાન મળ્યુ : સત્તા સોંપણી કરવાનો નિર્ણય પણ બહુમતિથી કરાયો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સમિતિઓની રચના અંગેની વૈતરણી આજે સત્તાધારી કોંગ્રેસ પક્ષે સફળતાપૂર્વક પાર કરી હતી તેમજ સામાન્યસભામાં વિપક્ષ ભાજપે પણ ધીમો છતાં મક્કમ વિરોધ રજુ કરી પોતાની હાજરી પુરાવી હતી. કોંગ્રેસે બે-બે સભ્યોની શિક્ષણ અને સામાજિક ન્યાય સમિતિમાં નિયુક્તી પણ કરી છે. સામાન્ય સભામાં સમિતિઓની સત્તા સોંપીનો પણ નિર્ણય લેવાયો હતો.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી રામાજી ઠાકોરના અધ્યક્ષપદે ૨૨મી જાન્યુઆરીએ મળેલી બેઠક જે મોકુફ રખાઈ હતી તે આજે મળી હતી. આ બેઠકમાં પંચાયતની નવ સમિતિઓની રચના કરવામાં આવી હતી. આ ઉપરાંત એજન્ડા પરના કામોને પણ બહુમતિથી બહાલ રાખવામાં આવ્યા હતા.

કોંગ્રેસ પક્ષ દ્વારા આજે શિક્ષણ સમિતિ અને કારોબારી સમિતિમાં નવ-નવ સભ્યો, જ્યારે સાત સમિતિઓમાં પાંચ-પાંચ સભ્યોને સ્થાન આપી બધાને સાથે રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

પંચાયતની મહત્વની કારોબારી સમિતિમાં ગઈ વખતે રજુ કરાયેલા નામો પૈકી ભાવિનસિંહ ઠાકોરના સ્થાને કાન્તાબેન ઝાલાને સમાવવામાં આવ્યા છે.

કારોબારી સમિતિની રચનાને લઈ સૌની મીટ મંડાયેલી હતી. જોકે આ અંગે તરેહ-તરેહની વાતો પંચાયતના પ્રાંગણમાં સાંભળવા મળી હતી.

કારોબારી સમિતિમાં અરવિંદસિંહ સોલંકી મંગુબેન ચૌધરી, રાજીબેન રાઠોડ, સોનલબેન પટેલ, આશાબેન રાઠોડ, નાથુજી

● અનુસંધાન પાન-૭ પર

# અજીતસિંહે પ્રભારી બનવા ઈન્કાર કરતા કોંગ્રેસમાં વધુ વિવાદ

ગાંધીનગર, તા. ૧

દહેગામના પ્રભારી તરીકે નિયુક્ત કરાયેલા અજીતસિંહ રાઠોડે આજે તેમને નવી સુપ્રત કરાયેલી જવાબદારી સંભાળવાનો ઈન્કાર કરી પોતાની અનિચ્છા જિલ્લા પ્રમુખને જણાવતાં કોંગ્રેસમાં નવો વિવાદ ઉભો થયો છે.

હજુ ગઈકાલે જ ૪ તાલુકા અને ત્રણ નગરપાલિકાના પ્રભારીઓની નિયુક્તી કરતી જાહેરાત જિલ્લા એકમ દ્વારા કરવામાં આવી છે.

આજે પંચાયતની સામાન્ય સભા બાદ કોંગ્રેસી કાર્યકરોની સરદાર હોલમાં મળેલી બેઠકમાં જિલ્લા પ્રમુખે આ નિયુક્ત પ્રભારીઓને ઝડપથી કાર્યભાર સંભાળવા અપીલ કરી હતી.

શ્રી રાઠોડે આ અંગે ટેલિફોનિક જાણ કરી લેખિતમાં પણ જાણ કરતાં પોતે સામાજિક કાર્યોમાં વ્યસ્ત હોવાનું કારણ રજુ કરી ઈન્કાર કર્યો છે.

જો કે બીજી તરફ એવી વાતો ચાલી રહી છે કે જિલ્લા સંગઠનની કામગીરીથી ઘણા બધા આગેવાનો નારાજ છે અને આગામી દિવસોમાં નવાજુનીના સંકેતો મળી રહ્યા છે તેનો જ આ ભાગ હોવાનું કહેવાઈ રહ્યું છે.

# પદાધિકારીઓની અવગણનાનો મામલો સામાન્ય સભામાં ચમક્યો !

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં યોજાતા સરકારી કાર્યક્રમોમાં પદાધિકારીઓને આમંત્રિત નહિ કરી તેમની અવગણના કરવામાં આવતી હોવાની ફરિયાદ આજે કોંગીના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોરે પંચાયતની સામાન્ય સભામાં કરી હતી.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે આ બાબતે આપે મારૂ ધ્યાન દોરવુ જોઈએ આવી કોઈ બાબત ધ્યાને આવશે તો ચોક્કસ પગલાં લેવામાં આવશે. આમ મને રૂબરૂ ના મળો તો લેખિતમાં મોકલી શકો છે.

આ પછી શ્રી બળદેવજી ઠાકોરે આરોગ્ય શાખાના પ્રસંગને ટાંકી અધિકારીઓ સામે પગલાં લેવા રજુઆત કરી હતી. તેમણે જિલ્લા વિકાસ અધિકારીશ્રીને આ અંગે લેખિતમાં રજુઆત કરવાનું પણ સ્વીકાર્યું હતું. જો કે આ પછી અધિકારીઓ આવી ચુક કરે તો ખુલાસા પુછવા તેવો પ્રસ્તાવ પણ પસાર કરાયો હતો.

# સામાન્ય સભામાં એજન્ડા સિવાયના મુદ્દાઓને પ્રતિષેધ કરવા ભાજપની માગ

ગાંધીનગર, તા. ૧

સામાન્ય સભામાં એજન્ડા પરની જ ચર્ચા થવી જોઈએ અને તે સિવાયના મુદ્દાઓનો પ્રતિષેધ કરવો જોઈએ તેવી ભાજપની માંગણીના ઘેરા પ્રત્યાઘાત આજે સામાન્ય સભા બાદ પડ્યો છે.

સામાન્ય સભામાં પ્રમુખસ્થાનેથી કોઈ મુદ્દા લેવાયા ન હતા પરંતુ સમિતિઓની રચના પછી સત્તા સોંપણી અંગેના નિર્ણયની બાબત, અંબોડ અશ્વમેળા અંગે જમીન ફાળવણી કરવાના નિર્ણયને પાછો ખેંચવા સરકારને રજુઆત તેમજ મનરેગાનુ લેબર બજેટ પ્રમુખ શ્રી રામાજી ઠાકોરે રજુ કર્યા બાદ પણ સરકારી કાર્યક્રમમાં પદાધિકારીઓની અવગણના કરવા માટે સંબંધિત વિભાગોના ખુલાસા પુછવાની બાબત રજુ કરી હતી.

આ અંગે ભાજપના સભ્યોએ વાંધો લીધો હતો અને સભા બાદ પણ જિલ્લા વિકાસ અધિકારીને આ અંગે રજુઆત કરી હતી. સામાન્ય સભામાં અરવિંદસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે આમ જ ચાલશે એજન્ડા પરની જ બાબતો છે. અમે બહુમતીથી પસાર કરવાનો નિર્ણય લઈ કરીએ છીએ.

આ પછી જિલ્લા વિકાસ અધિકારીને પત્રકારોએ પુછતા જણાવ્યુ હતુ કે તેઓ પંચાયત અધિનિયમમાં બાબતો ચકાસી લેશે અને જે એજન્ડા બહારની બાબતો હશે તેનો પ્રતિષેધ કરવાની જરૂરિયાત જણાશે તો તે અંગે વિકાસ કમિશ્નરને લખવામાં આવશે.

મનરેગાનુ લેબર બજેટ પણ અન્ય બાબતો સાથે સમાવી લઈ કોંગ્રેસે વહીવટી પાંખ સાથે ટકરાવા માટેનું મન બનાવી લીધાની વાતો પંચાયતના પ્રાંગણમાં સાંભળવા મળતી હતી.



વન વિભાગ તરફથી ‘વૃક્ષો વાવો, વૃક્ષોનુ જતન કરો’ જેવી જાહેરાતો કરતી જ રહે છે. અગર કોઈ વૃક્ષ છેદન કરે તો કાનૂની કાર્યવાહી કરવાની જોગવાઈ પણ છે. સેક્ટર-૨૨ જૈન દેરાસર પાસે આવેલ ૫૦ વર્ષ જૂના વૃક્ષોને કાપી નાંખવામાં આવ્યા છે. ક્યારે કોની સૂચનાથી આ બંને વૃક્ષોને કાપી નંખાયા તેની કોઈને ખબર પડવા દેવામાં આવી નથી. તંત્રને આ વિશેની જાણ છે કે નહિ તેની ખબર નથી પરંતુ આસપાસના રહિશોમાં ઉગ્ર આક્રોશ ફેલાયેલો છે. આ બાબતે સત્વરે પગલા લેવાય તેવી માંગણી પણ છે. **(તસવીર : કશ્યપ નીમાવત)**

# સરકારી આવાસોના રીનોવેશન માટે ૧.૫૦ કરોડ ખર્ચાશે

ગાંધીનગર તા ૧

શહેરમાં સરકારી આવાસોના મજબૂતીકરણનુ તબક્કાવાર કામ હાથ ધરવામાં આવે છે. પાટનગર યોજના વિભાગ દ્વારા કાયદો અને ન્યાય વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓને ફાળવવામાં આવેલા જુદી જુદી કક્ષાના ૯૫ આવાસોના મજબૂતીકરણનુ કામ હાથ ધરાશે. જયારે આ માટે અંદાજિત ૧.૫૦ કરોડના ખર્ચ કરવામાં આવશે.

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોનુ તબક્કાવાર રીનોવેશન કરવામાં આવી રહયુ છે. શહેરમાં સ્થિત આવાસોના મજબુતીકરણની કામગીરી અન્વયે હજુ માત્ર ૪૦ ટકા જેટલી જ કામ થયુ છે. જયારે માર્ગ મકાન વિભાગ દ્વારા તબક્કાવાર મકાનોના રીનોવેશનની કામગીરી માટે મંજુરી આપવામાં આવી રહી છે. એકબાજુ તંત્ર દ્વારા સે-૭ અને સે-૨૯માં ટાવર કોલોનીના નિર્માણ માટે કામ શરૂ કરી દેવામાં આવ્યુ છે.જયારે સેકટરોમાં જોખમી હાલતમાં જોવા મળતા સરકારી આવાસો પણ તંત્ર માટે ચિંતાનો

**૯૫ મકાનોનુ મજબૂતીકરણ કરવામાં આવશે**

● અનુસંધાન પાન-૭ પર

# મનરેગાનું લેબર બજેટ રજુ કરાયુ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લા પંચાયતે આજે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા રજુ કરાયેલ મનરેગાનું લેબર બજેટ એક મિનિટમાં જ પસાર કરી દીધુ હતુ.

સમિતિઓની રચના અને સત્તા સોંપણી અંગેના નિર્ણયની ઘોષણા બાદ તુરત જ આ લેબર બજેટ પ્રમુખશ્રીએ રજુ કર્યુ હતુ જે ચર્ચા વિનાજ મંજૂર કરી દેવાયું હતું.

૨૦૧૧-૧૨ના વર્ષ કરતાં પણ વધુ અંદાજો ધરાવતુ આ બજેટ છે. યોજના અમલમાં આવ્યા પછી આ ૮મુ બજેટ આજે પંચાયતની સામાન્ય સભામાં મંજૂર કરાયું છે. જિલ્લામાં શ્રમિકોને દૈનિક સરેરાશ વેતન રૂ. ૧૩૬ મળે છે તેવો દાવો પણ અંદાજપત્રમાં કરવામાં આવ્યો છે.

આ બજેટમાં જણાવાયા મુજબ ૩૮૯૫૦ કુટુંબોના બેન્ક ખાતા તથા ૭૩૭૫ના પોષ્ટમાં ખાતા ખોલાવી અને પેમેન્ટ કરવામાં આવે છે. હાલ જિલ્લામાં ૫૧,૯૯૨

● અનુસંધાન પાન-૭ પર


**બેસણું**



પરમ પૂજ્ય

**સ્વ.વેસ્તાભાઈ નવસાભાઈ વસાવા**

(સ્વર્ગવાસ તા.૨૪ જાન્યુઆરી ૨૦૧૬, રવિવાર)

અમારા પરિવારના મોભી પરમ પૂજ્ય પિતાશ્રી સ્વ. વેસ્તાભાઈ નવસાભાઈ વસાવાનું અવસાન થયેલ છે, સ્વર્ગવાસીના આત્માની શાંતિ માટે પ્રાર્થનાસભા તા.૦૨ ફેબ્રુઆરી ૨૦૧૬, મંગળવારના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ વાગ્યા દરમ્યાન અમારા નિવાસ સ્થાને બંગલા નં. ૧૧, મંત્રીશ્રીઓનું નિવાસ સ્થાન, સેક્ટર-૨૦, ગાંધીનગર મુકામે રાખવામાં આવેલ છે.

**શોકાતુર પરિવાર**

અમરસિંહ વેસ્તાભાઈ વસાવા-પુત્ર (નિવૃત્ત ડી.એસ.પી.)

ગણપતસિંહ વેસ્તાભાઈ વસાવા-પુત્ર (અધ્યક્ષ - ગુજરાત વિધાનસભા)

નરપતભાઈ વેસ્તાભાઈ વસાવા-પુત્ર (સભ્ય તાલુકા પંચાયત-ઉમરપાડા)

રીતેશકુમાર અમરસિંહ વસાવા-પુત્ર (વાઈસ ચેરમેન સુમુલ ડેરી, સુરત)

-: નિવાસ સ્થાન સરનામું :-

ગણપતસિંહ વસાવા, અધ્યક્ષ - ગુજરાત વિધાનસભા

બંગલા નં. ૧૧, મંત્રીશ્રીઓનું નિવાસ સ્થાન, સેક્ટર-૨૦, ગાંધીનગર. ફો.નં.૦૭૯-૨૩૨૫૯૬૦૪






ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com